**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૯ ટકા

# ડીજે સાઉન્ડ સાથે શહેરના યુવાનોનું ‘ગુડબાય-૨૦૧૯’

## શહેરનું યુવાધન મન મુકીને નાચ્યું : બાળકો-વડીલો સાથે ઘણા પરિવારો પણ પાર્ટીમાં જોડાયાં : નવા બૉલીવુડ સોન્ગ્ઝ સાથે હેલ્લારોના ગરબાએ પણ રંગ જમાવ્યો





ગાંધીનગર, તા.૧

‘ગુડબાય ૨૦૧૯-વેલકમ-૨૦૨૦’ જેવા પોકારો ડીજે સંગીતના તાલે પોકારતા શહેરના યુવા વર્ગે થર્ટી ફર્સ્ટ નાઈટ પાર્ટીઓમાં ડાન્સ કરતા કરતા નૂતન વર્ષને આવકાર્યું હતું. શહેરમાં વિવિધ સ્થળે યોજાયેલી થર્ટી ફર્સ્ટની ડીજે ડાન્સ પાર્ટીઓમાં શહેરનું યુવાધન મન મુકીને હિલોળે ચઢયું હતું. આ સાથે ડીજે પાર્ટીમાં હિન્દી-અંગ્રેજી ગીતો ઉપરાંત તાજેતરમાં ખૂબ સફળ થયેલી ગુજરાતી ફિલ્મ હેલ્લારોના ગરબાએ પણ ખૂબ રંગ જમાવ્યો હતો. જેની ધૂન પર નાચતા યુવાનોએ મોટા અવાજે ચિચિયારીઓ પાડી હતી કે ‘વાગ્યે રે ઢોલ વાગ્યો’.

શહેરમાં થર્ટી ફર્સ્ટ નાઈટની ડીજે ડાન્સ પાર્ટીઓના વિવિધ સ્થળે આયોજન થયા હતા. જેમાં પથિકાશ્રમ હોટલની લોન, ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, સ્પાઈસી સ્ટ્રીટ સહિત અન્ય ખાનગી પાર્ટી પ્લોટસ અને હોટલ રેસ્ટોરન્ટસ વગેરેનો સમાવેશ થાય છે. ઈન્ફોસિટી કલબ ખાતે ડીજે મિહિર વસીટાએ યુવાનોને તેમના ધમાકેદાર સંગીતથી નચાવ્યા હતા તો સ્પાઈસી સ્ટ્રીટમાં સ્કેરી નાઈટસ થીમ અંતર્ગત ડરાવણી ભૂતાવળના અજીબો ગરીબ પાત્રોએ ખૂબ રોમાંચ પુરો પાડયો હતો. મોટા ભાગની થર્ટી ફર્સ્ટની પાર્ટીઓમાં યુવા વર્ગની હાજરી સૌથી વધુ જોવા મળી હતી પરંતુ તે સાથે અનેક પરિવારોના બાળકો, વડીલો, જૈફ વયના નાગરિકો પણ ડીજેના તાલે નાચતા જોવા મળ્યા હતા. આ સાથે નગરજનોએ પીઝા-બર્ગર, નુડલ્સ, પનીર ચિલ્લા કે મન્યુરિયન જેવા નાસ્તા સાથે કોલ્ડ ડ્રિન્કસ તથા ચા કોફી જેવા હોટ ડ્રિન્કઝની મોજ પણ માણી હતી. પાર્ટી પ્લોટ ઉપરાંત કેટલાક જાહેર સ્થળોએ પણ નાગરિકો થર્ટી ફર્સ્ટને એન્જોય કરવા નીકળી પડયા હતા. જેની ભીડ સૌથી વધુ રિલાયન્સ ચોકડી, સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર તથા સેકટર-૧૬માં ફુડ કોર્ટ નજીક જોવા મળી હતી. શહેરના ખાણી પીણી બજારમાં ગઈકાલે રાત્રે ભરપૂર તેજી જોવા મળી હતી અને શહેરીજનોએ મનભરીને વિદાય લેતા વર્ષ ૨૦૧૯ની આખરી રાતને માણી હતી તથા છુટા પડતા એકમેકને ‘હેપ્પી ન્યુ યુર’ કહી શુભેચ્છાઓ પાઠવી હતી.

### સોસાયટીઓના ધાબે તુવેર-ટોઠા સાથે ડાન્સ પાર્ટીઓ યોજાઈ

થર્ટી ફર્સ્ટ નાઈટને એન્જોય કરવા માટે શહેરીજનોએ પોતાના મિત્ર વર્તુળ સાથે નાના મોટા ગૃપ બનાવી ડીજે ડાન્સ પાર્ટી સિવાયના પણ આયોજનો કર્યા હતા. શહેરના ગુડા વિસ્તારો જેવા કે વાવોલ, કુડાસણ, સરગાસણ ચાર રસ્તા, રાયસણ-રાંદેસણ વગેરેમાં નવી વિકસેલી ફલેટ એપાર્ટમેન્ટની સોસાયટીઓમાં ધાબા પર હેલોજન લાઈટના સથવારે નવરાત્રીની કે અન્ય સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરી ડાન્સ પાર્ટીના આયોજનો સાથે તુવેર ટોઠા કે અન્ય નાસ્તા સહિતની પાર્ટીઓ યોજાઈ હતી.

# સે-૩ ન્યુમાં બિન્દાસ્ત ઘુસી આવતી નીલગાયો અટકાવવા કમ્પાઉન્ડ વૉલ કે ફેન્સિંગ કરવાની માંગ

## છેક કોમનપ્લોટમાં આવીને ચરતી નીલગાયો બાળકો-વડીલો સહિત વાહનચાલકો માટે જોખમી : અગાઉ પણ રજૂઆતો કરાઈ છે





ગાંધીનગર, તા.૧

શહેરના અનેક વિસ્તારોમાં નીલગાય બિંદાસ્ત રખડતી જોવા મળે છે અને શહેરના માર્ગો પર નીલગાયના કારણે અકસ્માતનો ખતરો પણ મંડરાયેલો રહે છે. શહેરના સેકટર-૩ ન્યુ ખાતે તો કોમન પ્લોટમાં અને બાળકોને રમવાની જગ્યાએ પણ નીલગાયની અવર જવર એટલી વધી ગઈ છે કે આ સેકટરના રહીશો બાળકોની સલામતીને અનુલક્ષીને ચિંતાગ્રસ્ત બન્યા છે. વળી, સેકટરના વડીલો માટે પણ નીલગાયની અવરજવર ભયાનક હોઈ સેકટર ફરતે કમ્પાઉન્ડ વૉલ અથવા ફેન્સિંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

સેકટર-૩ ન્યુમાં સારા એવા પ્રમાણમાં વનરાજી-લીલોતરી જોવા મળે છે જેના કારણે ચારો ચરવા માટે નીલગાયો માટે પસંદગીનું સ્થળ બનતું જાય છે. સેકટરમાં કોમન પ્લોટ હોય કે બાળકો માટે રમતગમતના સાધનો લગાડેલા હોય અથવા સેકટરના આંતરિક રસ્તાઓ હોય દરેક જગ્યાએ નીલગાય એક, બે કે તેથી વધુ સંખ્યામાં પણ ફરતી જોવા મળે તેવા દૃશ્યો સામાન્ય બની ગયાં છે. નીલગાય એ શરીરે મજબૂત પરંતુ અત્યંત બીકણ પ્રાણી હોવાથી નાના સરખા અવાજથી પણ ભડકીને દોડવા માંડે અને રસ્તામાં આવતા ગમે તેને હડફેટે લઈ લે તેવી સ્થિતિ સર્જાતા વાર નથી લાગતી. આ સંજોગોમાં સેકટરમાં ફરતી નીલગાયો ખુલ્લામાં રમતા બાળકો, દેવદર્શન કે અન્ય કામે નીકળેલા વયોવૃધ્ધ વડીલો, અશકતો તથા વાહનચાલકો માટે જોખમરૂપ છે અને કયારેક જીવલેણ અકસ્માત પણ સર્જાઈ શકે છે. આ પરિસ્થિતિને અનુલક્ષીને સેકટરના વસાહતીઓ દ્વારા અગાઉ પણ તંત્રને રજૂઆતો કરી પગલાં લેવા વિનંતીઓ કરવામાં આવી છે. સેકટર-૩ ન્યુ જે વોર્ડમાં સમાવિષ્ટ છે તે વોર્ડ નં. ૮ના સ્થાનિક અને સક્રીય નગરસેવક પાયલબેન મેણાતને આ સમસ્યા અંગે રહીશોએ જાણ કરતા તેમણે ફરી એકવાર મેયર, મ્યુનિસિપલ કમિશનર તથા ગુડાના અધિકારીઓને લેખિતમાં સેકટર ફરતે સુરક્ષા દિવાલ કે તારની વાડ બાંધી આપવા માંગ કરવામાં આવી છે.

# ગાંધીનગરમાંથી ૨૭ નબીરા પીધેલા ઝડપાયા

ગાંધીનગર, તા.૧

નવા વર્ષની ઉજવણી હવે આપણે ત્યાં પણ રંગેચંગે કરવામાં આવે છે. નવા વર્ષની ઉજવણી ધામધુમથી કરવાની પરંપરા ખુબ ઝડપથી યુવાનોમાં પ્રસરી રહી છે. યુવાનો ગીત-સંગીતના તાલે મનમુકીને નાચગાન કરી નવા વર્ષને આવકારવા ઉત્સુક હોય છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા ૩૧ મી ડિસેમ્બરની ઉજવણીને ધ્યાને રાખીને શહેર-જિલ્લામાં લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ડીજે પાર્ટીઓ દ્વારા કરવામાં આવતી ઉજવણીમાં ભાન ભુલી ગયેલા નવયુવાનોને કાયદાનું ભાન કરાવી શાન ઠેકાણે લાવવા માટે પોલીસ મોડી રાત સુધી સતત દોડાદોડી કરતી જોવા મળી હતી. ગાંધીનગર જિલ્લામાંથી ૨૭ નબીરા પીધેલા ઝડપાયા હતા.

ગાંધીનગર-શહેર જિલ્લામાં રાત્રે ૧૨ ટકોરે વર્ષ ૨૦૧૯ ને ગુડબાય કહીને નવા વર્ષ ૨૦૨૦ ને વેલકમ કરવા માટે ઠેરઠેર ડીજે-ડાન્સ પાર્ટીઓના આયોજન થયા હતા. જેમાં ઈન્ફોસીટી વિસ્તારમાં-૪, માણસા અને પેથાપુર મળી કુલ-૬ મોટી પાર્ટીઓ યોજાઈ હતી. આ ઉપરાંત પણ નાની-મોટી પર્સનલ પાર્ટીઓ યોજાઈ હતી. ત્યારે ૩૧મી ડિસેમ્બરના નામે કેટલાક યુવાનો દારૂની મહેફીલ જમાવે છે જેમાંથી કેટલાક વધુ પી જવાથી છાકટા પણ બનતા હોય છે. જેથી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા શહેરમાં ૩૧ મી ડિસેમ્બરને લઈ કોઈ બનાવ ન બને તે માટે શહેરના મુખ્યમાર્ગો તેમજ ખાસ સ્થળો પર નાકાબંધી કરીને જિલ્લાભરમાં રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ પોલીસ ટીમના જવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ બ્રેથએનેલાઈઝર સાથે માર્ગ પર ઉભા રહીને શંકાસ્પદ લાગતા વાહનચાલકોને ચેક કર્યા હતા. જેમાંથી ૨૭ નબીરા પીધેલા પોલીસને હાથ લાગ્યા હતા. તો બીજી તરફ ૧૫ કેસ દેશી દારુના પોલીસે કર્યા હતા. જયારે કેટલાક યુવાનો શહેરના મુખ્ય માર્ગ પર પોલીસને જોતા જ સેકટરોના આંતરીક માર્ગોનો સહારો ઘરે જવા માટે લીધો હતો. ત્યારે ૩૧ ડિસેમ્બરની ઉજવણીમાં પીધેલા પકડાયેલા નબીરાઓ સામે પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચિલોડા પંચવટી ફાર્મ નજીક બાઈક સ્લીપ થતા યુવકનું મૃત્યુ

## લિમ્બડીયાનો યુવક ૩૧મી ડિસેમ્બરને અનુલક્ષી જમવા માટે હોટલ જઈ રહ્યો હતો તે સમયે અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા.૧

ચિલોડા-નરોડા હાઈ-વે પર અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ગતરોજ પંચવટી ફાર્મ પાસે બાઈક સ્લીપ થતા એક યુવકનું મૃત્યુ નિપજયુ હતું. લિંમ્બડીયાનો યુવક ૩૧મી ડિસેમ્બરને અનુલક્ષી જમવા માટે હોટલ જઈ રહ્યો હતો તે સમયે અકસ્માત નડ્યો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે ફરીયાદ લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ લિંમ્બડીયા ગામના ઠાકોર વાસ ખાતે રહેતા સાગર લક્ષ્મણજી ઠાકોર (ઉં.વ.૨૧) અને તેનો મિત્ર અજય નયનજી ઠાકોર પોતાના મિત્ર સાથે બાઈક લઈને વલાદ ખાતે હોટલમાં જમવા માટે જઈ રહ્યા હતા.તે સમયે ચિલોડા-નરોડા હાઈ-વે પર આવેલા પંચવટી ફાર્મ નજીક માર્ગનું કામ ચાલી રહ્યું છે. જેને પગલે કપચીનો ઢગલો સાઈડમાં પડેલો છે. રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં બાઈક ચલાવી રહેલા સાગરે અચાનક કપચીનો ઢગલો જોતા સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક ઢગલા પર ચઢી ગયુ હતું. આ અકસ્માતમાં બંન્ને યુવાનો માર્ગ પર પટકાયા હતા. જેથી સાગરને માથાના ભાગે તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ તેનું મૃત્યું નિપજયુ હતું. બનાવને પગલે દોડી આવેલા ગ્રામજનોએ અજયને તાત્કાલીક સારવાર માટે લઈ ગયા હતા. અજયને હાથના ભાગે તેમજ શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી. બનાવને તાત્કાલીક આવી પહોંચેલી ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અખિલ આંજણા કેળવણી મંડળના સ્નેહમિલન-સન્માન સમારોહનું આયોજન

## ૪ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સવારેના ૯.૩૦ કલાકે માતૃશ્રી જોઈતીબા મહિલા કોલેજ કેમ્પસ ખાતે આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના અખિલ આંજણા કેળવણી મંડળ દ્વારા સ્નેહ મિલન અને સન્માન સમારોહનું ૪ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સવારેના ૯.૩૦ કલાકે માતૃશ્રી જોઈતીબા મહિલા કોલેજ કેમ્પસ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ હરિભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે, ‘આ પ્રસંગે આ સંસ્થાના દાતાઓ, પૂર્વ તેમજ વર્તમાન પદાધિકારીઓ તેમજ વિશિષ્ટ વ્યકિતઓનુ સન્માન કરવામાં આવશે.’ આ સમારંભના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આર્શીવચન દંતાલી આશ્રમના પરમ પૂજય સ્વામી સચ્ચિદાનંદજી આપશે. સમારંભનો દીપ પ્રાગટય જે.એમ. ચૌધરી સર્વ વિદ્યા સંકુલના મુખ્ય દાતા ગં.સ્વ હેમલતાબેન જે. ચૌધરી તથા પરિવાર તથા માતૃશ્રી જોઈતીબા મહિલા કોલેજ કેમ્પસના મુખ્ય દાતા માતૃશ્રી જોઈતીબા વી. ચૌધરીના પરિવારના હસ્તે કરાશે.

આ સમારંભમાં સમગ્ર રાજયના ચૌધરી પરિવારના ભાઈ બહેનોને ઉપસ્થિત રહેવા શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી અને સંયોયક શંકરભાઈ ચૌધરી સહિત મંડળના સર્વે ટ્રસ્ટી મંડળના હોદ્દેદારોએ આમંત્રણ પાઠવ્યું છે.

# થર્ટી ફર્સ્ટને પગલે સરગાસણથી કુડાસણ સુધીના રોડ પર ભારે ટ્રાફિક જામ

ગાંધીનગર, તા.૧

શહેરમાં થર્ટી ફર્સ્ટને લઈને અનેરો માહોલ જોવા મળ્યો હતો. આમ કયારેય બહાર ન નીકળતા શહેરીજનો તારીખ બદલાતા વર્ષના છેલ્લા દિવસે મોડી રાત્રી સુધી બહાર જોવા મળ્યા હતા. જેને લીધે શહેરમાં ઠેર ઠેર ટ્રાફિક જામ્યો હતો. ખાસ નવા સેકટરોમાં અને સરગાસણ, ઈન્ફોસીટી, રીલાયન્સ ચોકડી અને ત્યાંથી લઈ રક્ષા શકિત સર્કલ સુધી ટ્રાફિક જામ્યો હતો.

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં રેસ્ટોરન્ટ, કેફેટેરિયા અને હોટલોનું પ્રમાણ વધુ હોવાથી શહેરીજનોની ભીડ ખાસ સરગાસણ, રિલાયન્સ ક્રોસ રોડથી કુડાસણ સુધી જામી હતી જેને લીધે પાર્કિંગની વ્યવસ્થા પણ ખોરવાઈ હતી અને આ ત્રણેય રોડ ઉપર ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી.

શહેરમાં વર્ષ ૨૦૧૯ને બાય બાય કહી વર્ષ ૨૦૨૦ને વધાવવા માટે શહેરીજનો ઉત્સાહિત જોવા મળ્યા હતા. શહેરીજનો પોતાના વાહનો લઈ શહેરની સફરે નીકળી પડયા હતા ઉપરાંત રેસ્ટોરન્ટ કે કેફેમાં યોજાતી પાર્ટીમાં જોડાયા હતા. ખાસ કરીને યુવાનો આ દિવસને લઈને વધુ ઉત્સાહિત હોય છે અને આ દિવસે ગીત સંગીત પર ઝુમીને સેલીબ્રેટ કરતા હોય છે પરંતુ આ સિવાય શહેરના પરિવારો પણ અમસ્તા રોડ ટ્રીપ પર નીકળ્યા હતા. સાથે વર્ષના આ છેલ્લા દિવસે ઈવનિંગ ફેમિલી ડિનર કરતા નજરે ચઢયા હતા જેને લીધે રેસ્ટોરન્ટની બહાર પાર્કિંગની સમસ્યા સર્જાઈ હતી. સાથે ન્યૂ ગાંધીનગર વિસ્તાર, સરગાસણ, રીલાયન્સ ક્રોસ રોડ, કુડાસણ જવાના કસ્તાઓ પર ભારે ટ્રાફિક જામ્યો હતો. પોલીસ બંદોબસ્ત સાથે ટ્રાફિકને કંટ્રોલ કરાયો હતો પરંતુ કયારેય આ રોડ પર આટ આટલા વાહનો કે ટ્રાફિક ન દેખાતા આ દિવસે પ્રથમવાર ટ્રાફિક જામ જોઈ સૌ અચંબામાં મુકાયા હતા.



## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**ગુડ ન્યુઝ**
૮.૫૫, ૯.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૪.૪૫, ૫.૩૦, ૬.૧૫, ૭.૪૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫
**દબંગ-૩**
૧૦.૦૫, ૧.૧૫, ૪.૨૫, ૭.૪૦, ૯.૫૫
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૨.૨૫, ૧૦.૪૫
**મર્દાની-૨**
૧૨.૧૦, ૭.૩૫
**પતિ પત્નિ ઔર વો**
૯.૩૦, ૫.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**ગુડ ન્યુઝ**
૮.૫૫, ૯.૫૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૪૫, ૨.૪૫, ૩.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૯.૪૫, ૧૦.૪૫
**દબંગ-૩**
૯.૩૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૧૦.૦૦, ૭.૪૦
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૧૫
**મર્દાની - ૨**
૧૨.૩૫, ૫.૨૫

**સિટી પલ્સ, કુડાસણ**

**ગુડ ન્યુઝ**
૧૨.૩૦, ૨.૦૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૦૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૨.૩૦
**દબંગ-૩**
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦
**મર્દાની-૨**
૩.૧૫, ૭.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૩૦, ૧૦.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ગુડ ન્યુઝ**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**દબંગ-૩**
૯.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૧૨.૦૦, ૬.૦૦
**મર્દાની-૨**
૧.૦૦
**પતિ પત્નિ ઔર વો**
૩.૦૦

### સરગમ કલ્ચરલ ગ્રુપનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧

સરગમ કલ્ચરલ ગ્રુપ (ઠાકોર સમાજ) દ્વારા તા. ૪ જાન્યુઆરીના રોજ બપોરે ૨ થી ૭ દરમિયાન સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, વડીલ વંદના, અભિવાદન, તાજેતરમાં ચુંટાયેલ સમાજના પ્રતિનિધિઓનું સન્માન તથા સમાજની ડિરેકટરીની વિમોચન વિધિ યોજાશે.

### ધો-૧૦ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧

ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાના હેતુથી કિશોર ઈન્સ્ટીટ્યુટ દ્વારા તા. ૧૨ જાન્યુઆરીના રોજ બપોરે ૩ થી ૫ દરમિયાન સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા સિધ્ધરાજસિંહ અમરસિંહ, ઉ.વ. ૫૦
- સ્વ. શ્રીમાળી ખેમચંદભાઈ દલાભાઈ, ઉ.વ. ૬૧
- સ્વ. મહેશ્વરી થિરપાલ ઉત્તમચંદ, ઉ.વ. ૫૮